

**ઠંડીમાં ગરીબોને હૂંફ આપતો બાજરીનો રોટલો...**

ઠંડીની મોસમમાં બાજરાનો રોટલો, ગોળ, ઘી, દૂધ, માખણ સાથે ખાવાની પણ એક મોજ છે. આધુનિક જીવનશૈલી અને ફાસ્ટફૂડના યુગ વચ્ચે ગરીબીમાં અમીરીથી જીવતા ગામડાના લોકો માટે બારેમાસ ચૂલા પર જ મકાઈ કે બાજરીના રોટલા બનાવી સંતોષનો ઓડકાર લેતા હોય છે. તેમને ઢાબા કે હોટલમાં ખાણાં ખાવાની નોબત આવતી નથી. સામાન્ય જીવનની સ્થિતિને પણ હસતા મોઢે જીવી જતા આ લોકોની ગરીબીમાં અમિરી છુપાયેલી છે. ભગવાને આપેલા માંથી સંતોષથી જીવવાનું શીખ આપતી આ તસ્વીર આજના અમીર વર્ગને ઘણું બધું કહી જાય છે.

# માવઠાની માઠી અસર : જિલ્લામાં હવામાન ખુલ્લું થતાં ખેડૂતોએ જીરુના પાકમાં દવા છંટકાવ શરુ કર્યો

**માત્ર ૨૦ હેક્ટર જમીનમાં જીરુનું વાવેતર : હાલ દવા છંટકાવ હોવાથી પિયત ન આપવા તજજ્ઞોની સલાહ**



બાયડ, તા.૨

જિલ્લામાં માવઠાની માઠી અસર સેન્સેટીવ ગણાતા જીરુના પાક ઉપર જોવા મળી રહી છે. જીરુના પાકમાં રોગચાળો ન વકરે તે માટે કેટલાક વિસ્તારોમાં દવા છંટકાવ શરુ થયો છે. દવા છંટકાવ હોવાથી હમણાં જીરુના પાકમાં પિયત ન કરવા ખેતી તજજ્ઞોની સલાહ છે. જિલ્લામાં આ વર્ષે માત્ર ૨૦ હેક્ટર જમીનમાં જીરુના પાકનું વાવેતર થયું છે. પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ખેડૂતો આજે પણ જીરુની ખેતી કરે છે. મોટાભાગના ખેડૂતોને જીરુની ખેતીમાં નફા કરતાં નુક્સાન વધુ સહન કરવું પડતું હોય છે છતાં ખેતી પાકને વળગી રહ્યા છે. પરંતુ જાન્યુઆરીના અંતિમ ૩ દિવસ દરમ્યાન જિલ્લામાં હવામાન પલ્ટાવ પછી કેટલાક વિસ્તારોમાં કમોસમી માવઠું વરસ્યું અને વાદળછાયું વાતાવરણ સતત ૩ દિવસ સુધી રહેતાં જીરુના પાકમાં સામાન્ય રીતે રોગચાળાનો પગપેસારો થયો છે. હવામાન પલ્ટાવથી જીરુના પાકમાં કાળો ચર્મો થઈ જવાની ખેડૂતોને દહેશત સેવાય છે જેથી પાકને સફેદ રોગચાળાથી બચાવવા દવા છંટકાવ શરુ કર્યો છે. ખેડૂતોના અંદાજ પ્રમાણે હવામાન પલ્ટાવથી જીરુના પાક ઉત્પાદનમાં ફટકો પડી શકે છે.

**સાબરકાંઠામાં જીરુનું વાવેતર**

| તાલુકો | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| હિંમતનગર | ૧૮ |
| ઈડર | ૦૧ |
| મોડાસા | ૦૧ |

**૧૧ તાલુકામાં જીરુનું વાવેતર થયું નથી**

જીરુની ખેતી અત્યંત જોખમી હોવાનું ખેડૂતો માની રહ્યા છે જેથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ પૈકી ૧૧ તાલુકામાં આ વર્ષે જીરુના પાકમાં વાવેતર થયું નથી. કારણ કે અગાઉ જીરુનું વાવેતર કરનારા ખેડૂતો વારંવાર હવામાન પલ્ટાવ અને કમોસમી માવઠાના મારથી ખેતી ક્ષેત્રે પાયમાલ થયા છે.

# આગામી રવિવારે અનિયોડ ખાતે મુજેશ્વર મહાદેવ ખાતે રામધૂન યોજાશે



તલોદ તા.૨

તલોદ તાલુકાના અણીયોડ ખાતે આવેલ પૌરાણિક મુજેશ્વર મહાદેવ ખાતે સેવા સમિતિ મંડળ દ્વારા પૂજ્ય મહંત મુગટ દાસજી મહારાજ ની પ્રેરણાથી દર વર્ષ ની જેમ આ વર્ષે પણ મહા સુદ પૂનમ અને રવિવાર તારીખ ૫/૨/૨૩ ના રોજ અખંડ રામધૂન નું આયોજન કરવામાં આવ્યું છે

આ અંગે માહિતી આપતા સરપંચ કનક સિહ ઝાલા એ જણાવ્યું હતું કે દર વર્ષ ની જેમ આ વર્ષે પણ સેવા સમિતિ મંડળ અણીઓડ દ્વારા મૂજેશ્વર મહાદેવ ના પ્રાંગણમાં આગામી રવિવાર ના રોજ સવારના સાત વાગ્યાથી સોમવાર સવારના સાત વાગ્યા સુધી અખંડ રામધૂન તેમજ બ્રહ્માણી માતાજી ના સ્થાપના ને ત્રેસઠ વર્ષ પૂર્ણ થતાં હોઈ ભાવિક ભકતો માટે મહાપ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું છે આ દિવસે દાદા ના દર્શન, સંતવાણી સત્સંગ અને મહાપ્રસાદ નો લાભ લેવા માટે ઉપસ્થિત રહી ત્રિવેણી લહાવો લેવા માટે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા માટે એક નિવેદનમાં જણાવ્યું હતુ

# ધી ભિલોડા ગ્રુપ સેવા સહકારી મંડળી લી. દ્વારા મૃતક યુવાનના માતા-પિતાને રૂપિયા. ૫ લાખનો ચેક અર્પણ કર્યો



ભિલોડા,તા.૨

ધી સા.કાં બેંક લી.ચેરમેન મહેશભાઈ પટેલ હર હંમેશા ખેડૂતો અને પશુ-પાલકોનું હિત જળવાઈ રહે તેવી રીતે દીર્ઘ દ્રષ્ટિ રાખીને અવનવી યોજનાઓ હેઠળ ખેડૂતો,પશુ-પાલકો અને સભાસદોને વધુ માં વધુ લાભ કેવી રીતે મળે તે દિશામાં હંમેશા અગ્રેસર રહ્યા છે.

ધી સા.કાં બેંક લી.હિંમતનગરના વા.ચેરમેન રાજેન્દ્રસિંહ ભાટી,ધી ભિલોડા ગ્રુપ સેવા સહકારી મંડળી લી.ચેરમેન ભીખાભાઈ કે.પટેલ,વા.ચેરમેન મુકેશભાઈ કે.પટેલ,સેક્રેટરી કેતનભાઈ કે.પટેલ,વ્યવસ્થાપક કમીટી સભ્યો,સભાસદો સહિત સ્ટાફ પરીવાર ધ્વારા રૂપિયા. ૫ લાખ નો ચેક મૃતક યુવાન આકાશ મનુભાઈ પટેલના માતા-પિતાને અર્પણ કર્યો હતો.ધી ભિલોડા ગ્રુપ સેવા સહકારી મંડળી લી. ચેરમેન ભીખાભાઈ કે.પટેલએ જણાવ્યું કે , મંડળીમાંથી ધિરાણ મેળવતા સભાસદોનો પર્સનલ એકસીડેન્ટ વીમો દર વર્ષે લેવાય છે.ધિરાણ મેળવતા કોઈ પણ સભાસદનું આકસ્મિક અવસાન થાય તો રૂપિયા ૫ લાખ મળવાપાત્ર છે.

**ભિલોડા એન.આર.એ વિદ્યાલયમાં**

# શિક્ષણમંત્રી ડો.કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતિમાં અરવલ્લી-સાબરકાંઠા આદિવાસી શિક્ષક એસોસિયેશનનુ ચોથું વાર્ષિક મહાસંમેલન યોજાશે

ભિલોડા,તા.૨

તા. ૧૯-૦૨-૨૦૨૩ ને રવિવાર ના રોજ ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ વિદ્યાલય પરીસરમાં અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે અરવલ્લી-સાબરકાંઠા આદિવાસી શિક્ષક એસોસિયેશનનું ચોથું વાર્ષિક મહાસંમેલન યોજાશે તેમ જણાવ્યું હતું. એસોસિયેશન વિશે વધુ માહિતી પ્રમુખ દિલીપકુમાર નિનામાએ જણાવ્યું કે અરવલ્લી - સાબરકાંઠા જીલ્લાના પ્રાથમિક , માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે સમગ્ર ગુજરાતમાં ફરજ બજાવતા આદિવાસી શિક્ષકોનું આ સામાજીક એસોસિયેશનની રચના કરવામાં આવી છે.મુખ્ય ઉદ્દેશ શૈક્ષણિક , સામાજીક અને રમત - ગમત છે. કેન્દ્ર સ્થાને સમાજના ગરીબ બાળકોને પડતી મુશ્કેલી દુર કરવી , શિક્ષક મિત્રોને પડતી મુશ્કેલી દુર કરવી અને એક શિક્ષક તરીકે સમાજને તન-મન-ધનથી મદદરૂપ થવાની ઉમદા ભાવનાથી એસોસિયેશનની રચના કરવામાં આવી છે. ચોથા વાર્ષિક સંમેલનમાં શૈક્ષણિક , રમત-ગમત અને સામાજીક ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિઓ હાંસલ કરી હોય તેવા ધોરણ -૧૦ ,૧૨ , મેડિકલ, પેરા મેડિકલ, એન્જિનિયરિંગ વગેરેમાં સારા ટકાએ પાસ થયેલા બાળકો અને શિક્ષક તરીકે શ્રેષ્ઠ કામગીરી કરનારને મોમેન્ટોથી સન્માનિત કરવામાં આવશે. બાળકો દ્વારા આદિવાસી સંસ્કૃતિના અનુસંધાને સ્વાગત નૃત્ય અને લોકનૃત્ય રજુ કરવામાં આવશે. દિલીપકુમાર નિનામાએ જણાવ્યું હતું કે હાલ સુધીમાં અરવલ્લી , સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, આણંદ, ભાવનગર અને અમરેલી જીલ્લાઓમાં એસોસિયેશનની રચના કરી દેવામાં આવી છે.આગામી દિવસોમાં ગુજરાત રાજયના ૧૪ આદિવાસી જીલ્લાઓમાં " ગુજરાત આદિવાસી શિક્ષક એસોસિયેશન " ના નામે ગુજરાત રાજ્ય લેવલનું એસોસિયેશન બનાવવામાં આવશે તેનો સ્પષ્ટ ઉદ્દેશ એ છે કે ગુજરાત રાજય ના દરેક વિભાગના આદિવાસી શિક્ષકો સામાજીક રીતે એકમત રહે,સમાજમાં અને રાષ્ટ્ર માટે હંમેશા મહત્વનું યોગદાન આપતા રહે એજ મુખ્ય ઉદ્દેશ છે.

**મારે તારી સાથે બોલવુ છે નહી બોલેતો એસીડ ફેકીશ**

# પ્રાંતિજના આમોદ્રાના ઈસમ તથા તેના મિત્ર વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ

પ્રાંતિજ તા.૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના આમોદ્રા નો ઈસમ તથા તેનો મિત્ર વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પોકસો એકટ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ. પ્રાંતિજ તાલુકાના આરસોડા ની દિકરી ને સ્કુલમા રીશેષ ના સમયે પ્રાંતિજ તાલુકાના આમોદ્રા ખાતે રહેતો જયપાલસિંહ તેનો પીછોકરી ઉભી રાખી ફરિયાદીની દિકરીને કહેવા લાગેલ કે મારે તારી સાથે બોલવુ છે તેમ કહી છેડતી કરી તેમજ જો નહી બોલે તો એસીડ ફેકીશ તેવી વાત કહી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી તો ફરીયાદી ની ધર ની બાજુમા રહેતા પડોશી ને પણ આ આબાબતે જયપાલસિંહ ને કહેલકે તુ કેમ મારા અને એના વચ્ચે મનમેળ થવા દેતો નથી ત્યારે પડોશીએ કહેલકે એ એવી છોકરી નથી તેવી વાત કરતા જયપાલસિંહ એકદમ ઉશ્કેરાઈ જઈ પડોશી ને ડાબા ગાલે બે લાફા મારી દીધેલ અને ગામના લોકો આવીજતા ત્યાંથી જયપાલસિંહ તથા તેનો મિત્ર ભાગી ગયા હતા તો પડોશી તથા ફરીયાદી ની દિકરી દ્વારા તેના પિતાને આ વાત કરતા પિતા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન જયપાલસિંહ તથા તેનો મિત્ર બન્ને રહે. આમોદ્રા , તા.પ્રાંતિજ , જિ.સાબરકાંઠા બન્ને વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે જયપાલસિંહ તથા તેનો મિત્ર વિરૂધ્ધ આઈપીસીકલમ ૩૨૩,૩૫૪ એ(૧)(૨),૫૦૬(૨),૫૦૪ તથા પોકસો એકટ ૧૧(૪)૧૩,૧૭ મુજબ ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરી હતી

# પ્રાંતિજના સદાના મુવાડીના કાર ચાલક વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ

પ્રાંતિજ તા.૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સદાના મુવાડા ખાતે કારચાલકે ગામની મહિલાને અડફેટે લેતા મહિલાને ઈજાઓ પોંહચતા સારવાર અર્થે પ્રાંતિજ-હિંમતનગર-અમદાવાદ ખાતે ખસેડવામા આવી. પ્રાંતિજ ના સદાના મુવાડા ખાતે રહેતા કાર ચાલક કાનજીભાઈ રણછોડભાઈ દેસાઈ પોતાના કબજાની સ્વિફટ કાર ફુલફાસ્ટ ઝડપે અને ગફલત ભરી રીતે ચલાવી લાવી રોડની સાઈડ મા જઈ રહેલ લીલાબેન ને પાછળ થી ટક્કર મારતા તેવો નીચે પડી ગયા હતા અને તેવોને માથાના ભાગે તથા શરીરે ઈજાઓ પહોચતા તેવોને પહેલા પ્રાંતિજ અને વધુ સારવાર અર્થે હિંમતનગર અને ત્યાંથી અમદાવાદ ખાતા ખસેડવામા આવ્યા હતા તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા મુકેશસિંહ બચુસિંહ રાઠોડ રહે સદાના મુવાડા દ્વારા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૨૭૯,૩૩૭ તથા મોટર વાહન અધિનિયમ ૧૭૭,૧૮૪ મુજબ ગુનોનોંધી આગળની તપાસ હાથધરી હતી

# પ્રાંતિજ પોલીસે વિદેશી દારૂની બોટલ સાથે પ્રાંતિજના ઈસમને ઝડપી પાડયો

**પ્રાંતિજ પોલીસે બાતમીના આધારે ઝડપી પાડયો : ટુડોર ત્રણ રસ્તા પાસેથી ઝડપી પાડયો :૧૫ વિદેશી દારૂની બોટલ સાથે ઝડપી પાડયો**

પ્રાંતિજ તા.૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ટુડોર પાસેથી વિદેશીદારૂ ની ૧૫ બોટલ સાથે પ્રાંતિજ પોલીસે પ્રાંતિજ ના ઈસમ ને ઝડપી પાડયો.

પ્રાંતિજ પોલીસ ટુડોર ત્રણ રસ્તા પાસે પેટ્રોલિંગ મા હતી તે દરમ્યાન તેવોને બાતમી મળીકે ટુડોર પાસે ભારતીય બનાવટ ની વિદેશીદારૂ નુ વેચાણ પ્રાંતિજ ના મોટામાઢ ખાતે રહેતા બિપીન ઉર્ફે કાળુ રાજુભાઈ ભોઇ પ્રાંતિજ ના ટુડોર પાસે વિદેશી દારૂ નુ વેચાણ કરે છે તેવી બાતમી મળતા પ્રાંતિજ પોલીસ દ્વારા ટુડોર પાસે જઈ ને તપાસ કરતા બીબીનભાઈ ઉર્ફે કાળુ બેઠેલ અને પોલીસ જોતા તે પ્લાસ્ટિક ની કોથળી લઈ ને ભાગવાજતા પ્રાંતિજ પોલીસ દ્વારા તેને કોર્ડન કરી પકડી પાડયો હતો અને તેની હાથમા રહેલ કોથળી મા તપાસ કરતા અલગ-અલગ કંપની ની વિદેશી દારૂ બોટલ સહિત ટીન સાથે કુલ-૧૫ બોટલ જેની કિંમત-૫૫૪૫ ના મુદામાલ સાથે બિપીન ભાઈ ઉર્ફે કાળુ રાજુભાઈ ભોઈ રહે. લાલદરવાજા , મોટો માઢ પ્રાંતિજ તા.પ્રાંતિજ જિ. સાબરકાંઠા ની પોલીસે અટકાયત કરી પ્રોબિશન એકટ કલમ-૬૫-(એ)(ઈ) મુજબ ગુનોનોધી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

# ઈડરના મુડેટી એસ.આર.પી કેમ્પમાં નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો

**૬૦૦થી વધુ દર્દીઓ અને જવાનોએ નિઃશુલ્ક સેવાનો લાભ લીધો**




ભિલોડા,તા.૨

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના મુડેટી ગામમાં એસ.આર.પી જવાનોના કેમ્પમાં નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો હતો.ડો.ગુંજનકુમાર પંડયા / જલારામ હોસ્પિટલ, ભિલોડા અને ગ્લોબલ હોસ્પિટલ,અમદાવાદ ટીમ ધ્વારા સર્વ રોગ નિદાન કેમ્પ દરમિયાન ૬૦૦થી વધુ દર્દીઓ, એસ.આર.પી જવાનોએ નિઃશુલ્ક સેવાનો લાભ લીધો હતો.નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ મુખ્ય અધ્યક્ષ એ.એન.ચૌધરી (D.Y.S.P.) (મદદનીશ સેનાપતિ) મુડેટી એસ.આર.પી કેમ્પમાં સન્માન અને સત્કાર સમારંભ ઉત્સાહભેર યોજાયો હતો.સર્વ રોગ નિદાન કેમ્પને સફળ બનાવવા માટે ડો.ગુંજનકુમાર પંડયા,જલારામ હોસ્પિટલના સ્ટાફ પરીવારે જહેમત ઉઠાવી હતી.

# હિંમતનગરના ધારાસભ્ય વી ડી ઝાલાનો અભિવાદન સમારોહ યોજાશે

તલોદ તા ૨

તાજેતર માં યોજાયેલ ગુજરાત વિધાનસભા ની ચુંટણીમાં હિંમતનગર બેઠક પરથી વિજેતા બનેલા ભાજપ ના ધારાસભ્ય વિનેન્દ્ર સિહ ઝાલા નો અભિવાદન સમારોહ આવામી ૪ ફેબ્રુઆરી ને શનિવાર ના રોજ હિંમતનગર ખાતે નલિનકાંત ગાંધી ટાઉન હોલ ખાતે દીવ દમણ ના પ્રશાસક પ્રફુલ ભાઈ પટેલ ના અધ્યક્ષ સ્થાને યોજાનાર છે આ સમારોહમાં સાબરકાંઠા અરવલ્લી જિલ્લાના સાંસદ દિપસિંહ રાઠોડ જિલ્લા પ્રમુખ જે ડી પટેલ, પ્રદેશ ભાજપ ના ઉપાધ્યક્ષ કૌશલ્યા કુંવર બા પરમાર, ધારાસભ્ય ગજેન્દ્ર સિંહ પરમાર ઈડર ના ધારાસભ્ય રમણ ભાઈ વોરા, જિલા ભાજપ પ્રભારી ભરત ભાઈ આર્ય, રેખાબેન ચૌધરી ઉપસ્થિત રહેશે.

# તલોદ પોલીસ સ્ટેશન ખાતે આજે લોન લેવા માટેનો માર્ગ દર્શન કેમ્પ યોજાશે

તલોદ તા ૨

રાજ્ય સરકાર દ્વારા તગડા વ્યાજ વસૂલતા વ્યાજખોરો વિરૂધ્ધ મુહિમ ચલાવતા વ્યાપક લોકપ્રતિસાદ મળી રહ્યો છે લોકોને ઓછા પુરાવાથી અને ઓછા સમયમાં અને ઓછા વ્યાજે સરળતા થી લોન મળી રહે તેવા શુભ આશયથી રાજ્યસરકાર ના ગૃહ વિભાગ દ્વારા રાજ્યના તમામ પોલિસ સ્ટેશન માં માર્ગદર્શન કેમ્પ નું આયોજન કરવાની સૂચના અન્વયે તારીખ ૩ ફેબ્રુઆરી ના રોજ તલોદ પોલીસ સ્ટેશન માં બપોરે ૧ કલાક થી ચાર કલાક સુધી લોન લેવા માગતા નાગરિકોને સરળતાથી લોન પ્રાપ્ત થાય એ અંગે માર્ગદર્શન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હોવાની માહિતી તલોદ પોલીસ સ્ટેશન ના પી એસ આઈ જી એસ સ્વામી દ્વારા આપવામાં આવી હતી આ માર્ગદર્શન કેમ્પ નો નાગરિકોને બહોળા પ્રમાણમાં લાભ લેવા માટે સ્વામી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે

# ધાનેરા નગરપાલિકા સ્વચ્છતા બાબતે નંબર વનનો દાવો કરતું પણ?

**નગરપાલિકાના રાજમાં ઠેર ગંદકી જોવા મળી રહી છે...**

ધાનેરા તા.૨

ધાનેરા નગરપાલિકા સ્વચ્છતા નાં નામે મોટા બાણગા ફૂંકી રહે છે. ત્યારે ધાનેરા શહેરમાં ઠેર ગંદકીના ઢગલાઓ જોવા મળી રહ્યા છે .

ધાનેરા ના સુભાષ રોડ બાજુમાં આવેલા બેલીમ વાસ ના નાળા પાસે મોટી સંખ્યામાં કચરો જોવા મળી રહ્યો છે તેમજ ઠેર-ઠેર ગટરો ના પાણી પણ ઉભરાઈ ને જઈ રહ્યા છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, આ વિસ્તારમાં રહેતા અનેક લોકો નગરપાલિકાને વારંવાર રજૂઆત કરેલ છતાં કોઈ કાર્યવાહી કે સફાઈ કરવામાં આવતી નથી. આજ વિસ્તારમાં રહેતા કોર્પોરેટર ને પણ જાણ કરવામાં આવેલ છતાં પણ કોર્પોરેટર પણ ધ્યાન આપતા નથી



અને સફાઈ કામદારો એમના જ વિસ્તારમાં સફાઈ કરી અને જતા રહે છે. તેઓને કહેવામાં આવે છે કે આ વિસ્તાર અમારામાં આવતો નથી પરંતુ વોર્ડ નંબર ૫ ના વિસ્તારમાં જ આવે છે. છતાં પણ રાજકીય વોટિંગ ના કારણે વોટીંગ ના મતભેદ જોવા મળી રહ્યા છે. આ વિસ્તારના લોકોનું કહેવું છે અમે વારંવાર મોખીક અને લેખિત રજૂઆતો કરવામાં આવેલ છતાં પણ કોઈ અધિકારી કે કર્મચારી કે સભ્ય આ બાબતે કોઈ ધ્યાન આપતા નથી. અમારે કઈ રીતે રહેવું પ્રજા પરેશાન થતી જોવા મળી રહી છે તો તાકીદે ધાનેરા નગરપાલિકા ચીફ ઓફિસર યોગ્ય તપાસ કરી સફાઈ કરાવે તેવી લોકોની માંગ છે.